# ઈસુએ તેના અનુયાયીઓને આજ્ઞા આપી કે અન્યોને સુવાર્તા પ્રગટ કરો.

**પ્રાર્થના** : ''વ્હાલા પ્રભુ, ખ્રિસ્ત પ્રભુની સુવાર્તા સમજવા અને બીજાને કહેવા માટે આ બાળકોની સહાય કરો.''

આમાંની કોઈ અથવા બધી બાળકોને લગતી પ્રવૃત્તિઓ પસંદ કરો.

કોઈ મોટો બાળક અથવા શિક્ષક **લુક ૨૪:૧-૮ અને ૩૬-૫૦** માંથી પ્રભુ ઈસુએ મરણમાંથી સજીવન થયા પછી કેવી રીતે સુવાર્તા આપી તે કહો. આપણે બીજાઓને ટૂંકાણમાં અને સાદા શબ્દોમાં કેવી રીતે સુવાર્તા આપી શકીએ તે આ વાર્તામાં જણાવ્યું છે.



- જયારે શિષ્યોએ ઈસુને મરણમાંથી સજીવન થયેલાં જોયા ત્યારે તેમને શા માટે બીક લાગી ?(૩૭)
- ઈસુ એ તેમને કેવી રીતે બતાવ્યું કે તેમને સાચેસાચ શરીર છે ?(૩૯-૪૩)
- બાયબલમાં ઈસુ વિષેની ભવિષ્યવાણીઓ ક્યાં મળે છે ? (૪૪)
- ખ્રિસ્તને શું થશે તે વિષે શાસ્ત્રમાં શું કહેલું છે ? (૪૬)
- ઈસુએ આપણને દરેક દેશમાં શું પ્રગટ કરવાનું કહ્યું છે ?(૪૭)
- ઈસુએ તેના શિષ્યો 'ઉપરથી ' શું મેળવશે તેમ કહ્યું ? (૪૯)
- ઈસુના સ્વર્ગારોહણ પછી શિષ્યોએ શું કર્યું ? (૫૨)

સુવાર્તાની વાર્તાનું **નાટક બનાવો.**

આ નાટક તૈયાર કરવા માટે બાળકો સાથે સમય ગાળો. તમે તેને સંક્ષિપ્ત કરી શકો.

**મોટા બાળકો** કે સભાજનો આ પાત્રો ભજવે.

- ઉદ્‌ઘોષક કે જે વાર્તાનું સંક્ષેપીકરણ કરે અને બાળકોને સંવાદો તૈયાર કરાવે.
- ઈસુ એક ટેબલ અને ખુરશી તૈયાર રાખવા અને ખાવા માટે કંઈક સાદું.

**નાના બાળકો શિષ્યો**ના પાત્રો ભજવે.

## ભાગ-૧ લુક ૨૪:૩૬-૪૩

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો પ્રથમ ભાગ કહે, (૩૬-૪૩) પછી બોલે, સાંભળો, શિષ્યો શું કહે છે.

**શિષ્યો** : 'શું ઈસુ જીવતા હોઈ શકે ?' ' તેઓ મરણમાંથી પાછા જીવતા થયા છે ?' 'પિતર કહે છે કે તેણે જોયા છે' 'એમૌસ જતા બે શિષ્યોએ પણ તેમને જોયાં છે એવું કહેતા હતા. મને તો તેમ લાગતું નથી એવામાં ઈસુ આવે 'તેમને શાંતિ થાઓ.' શિષ્યો ગભરાઈ જાય. બૂમ પાડે 'અરે નહિ. તે કોઈ આત્મા લાગે છે, મને બીક લાગે છે.'

**ઈસુ** : 'હું કોઈ આત્મા નથી. મને અડકો ! મારી તરફ જૂઓ. મને કંઈ ખાવાનું આપો. આત્મા ખાતો નથી કારણકે તેને શરીર હોતું નથી. મને શરીર છે.'

**શિષ્યો** : ઈસુને ખાવાનું આપે છે અને કહે, 'જૂઓ તે માછલી ખાય છે. તે આત્મા ના જ હોય'

## ભાગ-૨ લુક ૨૪:૪૪-૫૩

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો બીજો ભાગ ક.૪૪-૫૩ પ્રમાણે કહે. પછી બોલે, ઈસુ શું કહે છે તે સાંભળો.

**ઈસુ** : તમે શા માટે આશ્ચર્ય પામ્યા છો ? બાઈબલમાં લખેલું છે કે આ બધું મને થશે. મારે દુઃખ સહેવું, મરણ પામવું અને પાછા ઉઠવું જરૂરી હતું.

**શિષ્યો** : કેવું અજાયબ ! આપણે તે સમજ્યા નહિ.

**ઈસુ** : હવે તમારે બધા દેશોમાં મારા નામમાં પસ્તાવો અને પાપોની માફી પ્રગટ કરવાના છે. પણ મારા બાપનો આત્મા તમારા પર આવે ત્યાં સુધી તમે થોભો જેથી તમે સામર્થ્ય સાથે સાક્ષી આપી શકો. આવો, આપણે જઈએ.

બધાં થોડીવાર સાથે ચાલે છે.

**ઈસુ** : પોતાના હાથ તેમને આશીર્વાદ આપવા ઉંચા કરે અને પછી આકાશમાં ચઢી જાય. (ટેબલ કે ખુરશી પર ચઢી જવું)

**શિષ્યો** : ઘૂંટણે પડે અને સ્તુતિ આરાધનાનું ગીત ગાય. પછી ઉભા થઈને બોલે, 'ઈસુ તે પ્રભુ છે' 'અમે અમારા પૂરા હૃદયથી તેનું ભજન અને સેવા કરીશું' 'અમે સર્વને તેના વિષે કહીશું.'

**ઉદ્‌ઘોષક કે મોટો બાળક** : નાટકમાં સહાય કરનાર સર્વનો આભાર માને.અને સભાજનોનો સહકાર માટે આભાર માને.

સભાના આગેવાન પાસે બાળકો માટે આ મંજૂરી લો.

- આ નાટક ભજનસેવા વખતે ભજવાય.
- આ અભ્યાસના આરંભે આપેલા પ્રશ્નો બાળકો સભામાં પૂછી શકે.
- ગીત, ચિત્રો અથવા જે તૈયાર કર્યું હોય તે બાળકો રજુ કરી શકે.

સુવાર્તા સાદા શબ્દોમાં આપણે ક્યારે આપી શકીએ તેના દાખલા બાળકો આપે. (ગાડીમાં, મિત્રોની મુલાકાત વખતે વિ.) લોકો બીજા દાખલા આપે.

વધસ્તંભનું **ચિત્ર દોરો** અને બાળકો પાસે કોપી કરાવો.



- આમાં મોટા બાળકો નાનાઓની મદદ કરે.
- આ ચિત્રો ભજનસેવા વખતે બતાવવા અને સમજાવવું કે ખ્રિસ્તે કેવી રીતે દુ:ખ સહ્યું અને મરણ પામ્યો.
- સુવાર્તા ત્રણ ભાગમાં કહેવાનું તેમને કહો.

૧. ઈસુ એ આપણા પાપની શિક્ષા ભોગવી અને મરણ પામ્યો.

૨. તે મરણમાંથી સજીવન થયો અને સદા જીવતો છે.

૩. દેવ આપણા પાપ માફ કરે છે અને આપણને નવું જીવન આપે છે.

**લુક ૨૪:૪૬-૪૯**માં આપેલી સુવાર્તા **મુખપાઠ કરો.** નાના બાળકો પાસે ફક્ત કલમ ૪૬ મોઢે કરાવવી.

ત્રણ બાળકો દરેક ગી.શા. ૧૩:૩,૪ અને ૫ મોઢે બોલી જાય.

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ ઈસુ, શાસ્ત્રમાં લખ્યા પ્રમાણે તમે અમારે માટે. દુ:ખ સહન કર્યું અને મરણ પામ્યા. તમે ત્રીજે દિવસે મરણમાંથી સજીવન થયા. તમારા નામમાં અમે પસ્તાવો કરીને પાપની માફી મેળવી છે. તમે તમારો આત્મા અમને આપ્યો છે કે તમારા સામર્થ્ય વડે અમે બીજાઓ ને તમારી સુવાર્તા આપી શકીએ. તમે અમને પુષ્કળ આનંદથી ભર્યા છે.

Copyright 2004 © by Paul-Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.